ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

૬ | મંગળવાર 3 નવેમ્બર, ૨૦૨૬ | છોટાઉદેપુર | ડભોઈ | સાવલી | કરજણ | બોડેલી | ક્વાંટ | નસવાડી

બોડેલી તાલુકાના ખેડૂતોને મોંઘા બિયારણ, ખાતર અને મજૂરીનો ખર્ચ માથે પડ્યો

ઊંચાપાન વિસ્તારમાં ખેતરોમાં ડાંગરને બદલે ઘાસ ઊગ્યું! પાણીની અછતે ખેડૂતોની આશા પર ફેરવ્યું પાણી

ખેતરોમાં ઊભો પાક ઘાસ બની જતાં ખેડૂતો સરકાર પાસે સહાયની આશા રાખી રહ્યા છે



(પ્રતિનિધિ) બોડેલી, તા.2

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ઊંચાપાન વિસ્તારમાં શિયાળુ ડાંગરના પાકની સ્થિતિ કથળી જતાં ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ચાલુ વર્ષે પૂરતા પ્રમાણમાં વરસાદ ન થતાં ખેતી માટે સિંચાઈના પાણીની ગંભીર સમસ્યા ઊભી થઈ છે. સમયસર પાણી ન મળતાં ખેતરોમાં ઊભેલો ડાંગરનો પાક નિષ્ફળ જવાની સ્થિતિ સર્જાઈ છે.

ઊંચાપાન વિસ્તારના ખેડૂતોએ સારા ઉત્પાદનની આશાએ ડાંગરની રોપણી કરી હતી. પાકની શરૂઆતથી જ બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ અને મજૂરી પાછળ મોટો ખર્ચ કર્યો હતો. ખેડૂતોને આશા હતી કે પાક તૈયાર થતાં સારી ઉપજ મળશે અને આર્થિક સ્થિતિમાં સુધારો થશે. જોકે, વરસાદની અછત અને સિંચાઈ માટે પૂરતું પાણી ન મળતાં ડાંગરના પાકનો વિકાસ અટકી ગયો હતો.

પરિણામે અનેક ખેતરોમાં ડાંગરનો ઊભો પાક સુકાઈ ગયો છે. જે ખેતરોમાં અનાજની ઉપજ થવાની આશા હતી ત્યાં હવે ડાંગરના છોડ ઘાસ જેવા બની ગયા છે. આખી સિઝનની મહેનત અને ખર્ચ છતાં પાક હાથમાં ન આવતાં ખેડૂતોની હાલત કફોડી બની છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ, ખેતીના ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે, જ્યારે પાણીની અછતને કારણે ઉત્પાદન પર માઠી અસર પડી રહી છે. ચોમાસાની ખેતીમાં પણ ધાર્યું ઉત્પાદન ન મળતાં ખેડૂતો પહેલેથી જ આર્થિક મુશ્કેલીમાં છે.

ખેડૂતોએ ખેતીવાડી વિભાગ દ્વારા તાત્કાલિક પાક નુકસાનનો સર્વે કરાવી અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય સરકારી સહાય ચૂકવવાની માંગ કરી છે. સાથે જ ઊંચાપાન વિસ્તારમાં સિંચાઈના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા રજૂઆત કરી છે.

શાળાની આસપાસ ઝાડી-ઝાંખરાંથી ઝેરી જીવજંતુઓનો ભય

ઝંડ શાળાના દરવાજે જોખમી નાળું, રેલીંગ વિના બાળકોની અવરજવર



(પ્રતિનિધિ) બોડેલી, તા.2

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ઝંડ ગામની પ્રાથમિક શાળાના મુખ્ય પ્રવેશદ્વાર પાસે આવેલા કોતર પરના નાળાની જોખમી હાલતને પગલે વિદ્યાર્થીઓની સુરક્ષા સામે સવાલો ઊભા થયા છે. થોડા દિવસ પહેલાં જ તંત્ર દ્વારા નાળાનું સમારકામ કરાયું હોવા છતાં યોગ્ય સુરક્ષા વ્યવસ્થાના અભાવે સ્થિતિ જોખમી બની રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, નાળાના સમારકામમાં પૂરતી તકેદારી રાખવામાં આવી નથી. સૌથી ચિંતાજનક બાબત એ છે કે નાળાની બંને બાજુ વિદ્યાર્થીઓની સુરક્ષા માટે રેલીંગ પણ લગાવવામાં આવી નથી. શાળાના મુખ્ય દરવાજા પાસે જ જોખમી નાળું હોવાથી નાના બાળકો, શિક્ષકો અને અન્ય લોકોને અવરજવર કરવામાં મુશ્કેલી પડી રહી છે.

બીજી તરફ શાળાની આસપાસ મોટા પ્રમાણમાં ઝાડી-ઝાંખરાં ઊગી નીકળ્યાં છે. જેના કારણે ઝેરી જીવજંતુઓ અને સરિસૃપોનો ભય પણ સતાવી રહ્યો છે. એક તરફ ખુલ્લું નાળું અને બીજી તરફ ઝાડી-ઝાંખરાંનો ઉપદ્રવ બાળકોની મુશ્કેલી વધારી રહ્યો છે.

ગ્રામજનોએ તંત્ર સમક્ષ તાત્કાલિક નાળાનું યોગ્ય સમારકામ કરાવવા, બંને બાજુ મજબૂત રેલીંગ લગાવવા અને શાળાની આસપાસ સફાઈ કરાવવાની માંગ કરી છે. કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં જવાબદાર તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે.

મગરના ભયથી મહિલાઓએ કપડાં ધોવા જવાનું ટાળ્યું

ડભોઈ તાલુકાના સાઠોડના તળાવમાં મગરે અડિંગો જમાવતા ફફડાટ



(પ્રતિનિધિ) ડભોઈ, તા.2

ડભોઈ તાલુકાના સાઠોડ ગામના તળાવમાં મગર દેખાતાં ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે. તળાવમાં મગરે અડિંગો જમાવતાં ગામના પશુપાલકો, ખેડૂતો અને મહિલાઓની મુશ્કેલી વધી છે. મગરના ભયને કારણે મહિલાઓએ તળાવમાં કપડાં અને વાસણ ધોવા જવાનું બંધ કરી દીધું છે. જ્યારે પશુપાલકો પણ પશુઓને પાણી પીવડાવવા કે ઘાસચારો ચરાવવા તળાવના કિનારે લઈ જતાં ગભરાઈ રહ્યા છે.

ગામના તળાવમાં મગર હોવાની જાણ થતાં ગ્રામજનો અને સરપંચ દ્વારા વનવિભાગના કર્મચારીઓને જાણ કરવામાં આવી છે. ગ્રામજનોએ મગરને પકડવા માટે તળાવમાં પાંજરું ગોઠવવાની માંગ કરી છે, જેથી કોઈ જાનહાનિ કે દુર્ઘટના સર્જાય નહીં.

દરમિયાન આજે વહેલી સવારે તળાવની વચ્ચોવચ આવેલી ટેકરી પર મગર બેઠેલો જોવા મળતાં ગ્રામજનોમાં ભયની સાથે કુતૂહલ પણ જોવા મળ્યું હતું. મગરને જોવા માટે લોકોમાં ચર્ચા જાગી હતી, પરંતુ તળાવના કિનારે અવરજવર કરવાનું લોકો ટાળી રહ્યા છે.

ગ્રામજનોની માંગ છે કે વનવિભાગ તાત્કાલિક સ્થળ પર પહોંચી મગરને પકડવા માટે પાંજરું ગોઠવે અને તેને સુરક્ષિત સ્થળે ખસેડે. જેથી મહિલાઓ, ખેડૂતો અને પશુપાલકો સહિત ગ્રામજનોને મગરના ભયમાંથી મુક્તિ મળી શકે. હાલ સાઠોડ ગામમાં મગરને લઈને ફફડાટનો માહોલ છે.

પાલેજ પોલીસે જુગારધામ પર દરોડો પાડી ૩ જુગારીઓને ઝડપ્યા, ૫ ફરાર



(પ્રતિનિધિ) ભરૂચ, તા. 2

ભરૂચ જિલ્લાના પાલેજ પોલીસને બાતમી મળી હતી કે સીમલીયા અને કિસનાડ ગામ વચ્ચે ઝાડીઓમાં બાવળના ઝાડ નીચે કેટલાક ઈસમો ગંજીપાનાથી હારજીતનો જુગાર રમી રહ્યા છે. જેના આધારે પોલીસે દરોડો પાડી ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા હતા, જ્યારે પાંચ ઈસમો નાસી છૂટ્યા હતા.

પોલીસે અશફાકઅલી મઝહરખાન પઠાણ (પાલેજ), સિકંદર ઉર્ફે શારૂખ કરુણા શેખ પટેલ અને અફઝાલઅલી અયુબખાન પઠાણ (બંને કરજણ) ને ઝડપી લીધા હતા. ફરાર થયેલા પાંચ ઈસમોની ઓળખ પણ કરવામાં આવી છે.

પોલીસે સ્થળ પરથી રોકડા રૂ.9,450, દાવ પરથી રૂ.1,650, બે મોબાઈલ ફોન, ગંજીપાનાનાં પત્તાં, ચટાઈ અને રૂ.50 હજારની મોટરસાઈકલ સહિત કુલ રૂ.81,460નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ત્રણેય આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ફરાર આરોપીઓને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

સરકારી સમયપત્રકથી એક દિવસ વહેલી સામાજિક વિજ્ઞાનની પરીક્ષા લેવાતાં વિવાદ

જ્ઞાનશક્તિ શાળામાં પરીક્ષા સમયપત્રકમાં ફેરફારનો મામલો: આચાર્ય હાર્દિક જોષી ફરજ મોકૂફ

(પ્રતિનિધિ) સાવલી, તા.2

સાવલીના KJIT કેમ્પસમાં આવેલી જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સેલન્સમાં સરકારી સમયપત્રકમાં ફેરફાર કરીને વહેલી પરીક્ષા લેવાના મામલે શિક્ષણ વિભાગે કાર્યવાહી કરી છે. તપાસ સમિતિના અહેવાલ બાદ શાળાના આચાર્ય હાર્દિક જોષીને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ કરવાનો હુકમ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત શાળા સામે પણ કાર્યવાહી કરવા માટે સૂચન કરવામાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ, શાળાના પ્રાથમિક વિભાગમાં પરીક્ષાઓ ચાલી રહી હતી. દરમિયાન ધોરણ 6 અને 7નું સામાજિક વિજ્ઞાનનું પેપર સરકારી સમયપત્રક મુજબ 29 ઓક્ટોબર 2026ના રોજ લેવાનું હતું, પરંતુ શાળાના આચાર્ય દ્વારા તે 28 ઓક્ટોબરે જ લેવામાં આવ્યું હતું. આ બાબત સમાચાર માધ્યમોમાં પ્રકાશિત થતાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ ગંભીરતાથી લઈ 29 ઓક્ટોબરે યોજાનારી પરીક્ષા રદ કરી હતી.

આ ઘટનાને પગલે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિની તપાસમાં શાળાની ક્ષતિ સામે આવતાં આચાર્ય સામે ફરજ મોકૂફીની કાર્યવાહી કરવામાં આવી છે. તપાસનો અહેવાલ રાજ્ય શિક્ષણ વિભાગને પણ મોકલવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

બીજી તરફ, આ ભૂલના કારણે અંદાજે 30 હજારથી વધુ વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાનની પરીક્ષા રદ કરવાની ફરજ પડી હતી. જિલ્લા શિક્ષણ અધિકારીના નવા પરિપત્ર મુજબ રદ કરાયેલી પરીક્ષા 2 નવેમ્બર, 2026ના રોજ બપોરે બે વાગ્યા બાદ લેવાનું નક્કી કરાયું હતું.

આજે તાલુકા કક્ષાએથી નવાં પ્રશ્નપત્રોનું વિતરણ કરી ચુસ્ત વ્યવસ્થા વચ્ચે પરીક્ષા લેવામાં આવી હતી. સરકારી સમયપત્રકમાં મનસ્વી ફેરફારના આ બનાવથી શિક્ષણ જગતમાં ભારે ચર્ચા અને પ્રત્યાઘાતો જોવા મળી રહ્યા છે.

ગૂર્જર વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની દાહોદમાં પોષણ યાત્રા

(પ્રતિનિધિ) દાહોદ, તા. 2

ગૂર્જર વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ દ્વારા દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકાનાં વિવિધ ગામોમાં 'પોષણ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય અને પોષણ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી યોજાયેલી પદયાત્રા દરમિયાન વિદ્યાર્થીઓએ આંગણવાડીઓ, શાળાઓ અને ગ્રામજનોની મુલાકાત લીધી હતી. આંગણવાડીઓમાં બાળકો અને મહિલાઓને સંતુલિત આહાર, સ્વચ્છતા તથા હાથ ધોવાની યોગ્ય ટેવો અંગે માર્ગદર્શન અપાયું હતું. શાળાઓમાં ત્રિરંગી થાળીનું મહત્વ સમજાવી લીલાં શાકભાજી, ફળો, કઠોળ અને દૂધના સેવનનો સંદેશ આપ્યો હતો. પ્રશ્નોત્તરી અને સંવાદ દ્વારા કુપોષણ નાબૂદી, માતા-બાળકના પોષણ અને સ્વસ્થ જીવનશૈલી અંગે જાગૃતિ ફેલાવાઈ હતી.

વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના બાગાયતી પાકોની ખેતી કરતા ખેડૂતો જોગ

બાગાયતી ફ્રેશ ફળ અને શાકભાજી પેદાશોની વિદેશમાં નિકાસ કરવા માટેની અનેરી તક

(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના બાગાયતી પાકોની ખેતી કરતા ખેડૂતો પોતાના ખેતરમાંથી ઉત્પાદિત થયેલ ગુણવત્તાસભર બાગાયતી પાકોની પેદાશ વિદેશમાં નિકાસ કરવા ઈચ્છતા ખેડૂતો એગ્રિકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડકટસ એક્સપોર્ટ ડેવલોપમેન્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયા(APEDA)ની વેબસાઈટ પર ઓનલાઈન ફાર્મ રજીસ્ટેશન કરવું જરૂરી છે. જે લાભાર્થીઓ બાગાયતી ફ્રેશ ફળ અને શાકભાજી પાક પેદાશોની વિદેશમાં નિકાસ કરવા માટે લાભ લેવા માંગતા હોય તેઓએ ઉપરોકત જણાવેલ વેબસાઈટ પર ફોર્મ રજીસ્ટેશન કરવા પોતાના ૮-અ, ૭ અને ૧૨ નકલ, રેશનકાર્ડ, આધારકાર્ડ, ખેતરનો કાચો નકશો તથા ફાર્મ ડાયરી સાથે લઈને સમયસર અરજી કરવી તથા અરજી કર્યા બાદ અરજીની કોપી અને સાધનીક કાગળો અરજી સાથે નાયબ બાગાયત નિયામકની કચેરી, રાવપુરા પોલીસ સ્ટેશન પાછળ, વડોદરા (ફોન.નં. ૦૨૬૫-૨૪૨૯૧૫૩) એ રૂબરૂ અથવા ટપાલથી જમા કરાવવા નાયબ બાગાયત નિયામક, વડોદરાની અખબારી યાદીમાં જણાવાયું છે.

૨૦૪૭ સુધી વિકસિત ભારતના સંકલ્પમાં આવા આયોજનોનું મહત્ત્વ

મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતે એકતાનગરમાં ભારત પર્વ - ૨૦૨૬ની મુલાકાત લીધી



(પ્રતિનિધિ) રાજપીપલા, તા.2

રાજ્યકક્ષાના ઉદ્યોગ, રમતગમત અને પ્રવાસન મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતે ગતરોજ એકતાનગર ખાતે યોજાયેલા 'ભારત પર્વ-2026'ની મુલાકાત લીધી હતી. 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પ અને 'શક્તિ ઓફ ભારત'ની થીમ આધારિત આ પર્વમાં તેમણે વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક વિરાસત, હસ્તકલા, હેન્ડલૂમ અને પરંપરાગત વાનગીઓના સ્ટોલનું નિદર્શન કર્યું હતું.

આ પ્રસંગે મંત્રી ડૉ. ગામીતે જણાવ્યું હતું કે, ભારત પર્વ દ્વારા દેશના વિવિધ રાજ્યોની સંસ્કૃતિ, પરંપરા અને કલાત્મક વારસાનું એક જ સ્થળે સુંદર દર્શન થાય છે. આવા કાર્યક્રમો સ્થાનિક કારીગરો અને હસ્તકલા સાથે સંકળાયેલા લોકોને રોજગારીની નવી તકો પૂરી પાડે છે. સાથે જ આત્મનિર્ભર ભારતના સંકલ્પને મજબૂત બનાવે છે. વર્ષ 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરવામાં પણ આવા આયોજનો મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે.

મંત્રીશ્રીએ એકતા પ્રકાશ પર્વના ઈન્ડોર વિભાગમાં ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ ભારતના ચારેય પ્રાદેશિક ઝોનની કલાત્મક પ્રસ્તુતિઓ નિહાળી હતી. જેમાં રામમંદિર, હિમાલયની સંસ્કૃતિ, આસામનો બિહુ, ઓડિશાનું સ્થાપત્ય, ગુજરાતના ગરબા, રાણીની વાવ, કચ્છી હસ્તકલા, મીનાક્ષી મંદિર અને હમ્પી જેવી સાંસ્કૃતિક વિરાસતને પ્રકાશ રચનાઓ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

આ ઉપરાંત આઉટડોર વિભાગમાં 11 જેટલા વિભાગોમાં રજૂ કરાયેલી 'ભારત-સોને કી ચીડિયા', 'સમય કા ચક્ર', યોગ, દીપ સુરંગ, પ્રકાશિત પુષ્પો અને રંગબેરંગી શિલ્પોની ઝાંખીઓ પણ નિહાળી હતી.

સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં આંતરરાષ્ટ્રીય ઓપન ફિડે રેટિંગ ચેસ સ્પર્ધા યોજાઈ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

નિહાર સેવા ફાઉન્ડેશન દ્વારા વડોદરાના સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આંતરરાષ્ટ્રીય ઓપન ફિડે રેટિંગ ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહારાષ્ટ્ર, દિલ્હી, રાજસ્થાન સહિત દેશનાં વિવિધ રાજ્યોમાંથી આશરે 450 ખેલાડીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના વિજેતાઓને કુલ રૂ.3 લાખના રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા.

સ્પર્ધાના આયોજનમાં જાણીતા ચેસ કોચ શૈલેષભાઈ રાવલે વિશેષ યોગદાન આપ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વરિષ્ઠ કરવેરા સલાહકાર અને ધારાશાસ્ત્રી તથા સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઑફ ટેક્સ કન્સલ્ટન્ટ્સના તત્કાલીન પ્રમુખ દીપકભાઈ અમીન ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત પર્યાવરણમિત્ર શ્રી ગણેશ ઉત્સવ ટ્રસ્ટનાં પ્રમુખ કિરણબેન ગોસાઈ અને મહામંત્રી નગીનભાઈ વાઘેલાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

વડોદરામાં ચેસ જેવી બૌદ્ધિક રમતને પ્રોત્સાહન આપવા અને યુવા ખેલાડીઓને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા દર્શાવવાની તક પૂરી પાડવાના હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઝાલોદમાં રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા



(પ્રતિનિધિ) દાહોદ, તા.2

ભારતના લોખંડી પુરુષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતિ નિમિત્તે ઝાલોદ ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વર્ચ્યુઅલ કાર્યક્રમ બાદ ઝાલોદ નગરપાલિકા દ્વારા બાંસવાડા રોડ સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં નગરજનો સહપરિવાર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. આ પ્રસંગે વક્તાઓએ અખંડ ભારતના નિર્માણમાં સરદાર પટેલના અમૂલ્ય યોગદાનને યાદ કરી તેમના જીવન અને વિચારો પર પ્રકાશ પાડ્યો હતો. એકતામાં જ શક્તિ છે અને રાષ્ટ્રીય અખંડિતતા જ દેશની સાચી સંપત્તિ છે તેવો સંદેશ નાગરિકો સુધી પહોંચાડવામાં આવ્યો હતો. ઉપસ્થિત લોકોએ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જાળવવાના શપથ પણ લીધા હતા.

નગરપાલિકા દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશભક્તિથી ભરપૂર વિવિધ પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. બાળકો અને યુવા કલાકારોએ પોતાની કલાત્મક રજૂઆતો દ્વારા ઉપસ્થિત લોકોનું મન મોહી લીધું હતું. કાર્યક્રમ દરમિયાન સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાયું હતું અને કલાકારોને પ્રેક્ષકો તરફથી ભારે પ્રશંસા મળી હતી.

સાંજે સાડા પાંચ વાગ્યાથી શરૂ થયેલા આ સમારોહમાં સ્થાનિક અગ્રણીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ અને મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. નગરપાલિકા દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાઓને કારણે કાર્યક્રમ સફળ રહ્યો હતો. સમગ્ર આયોજનથી ઝાલોદમાં એકતા, ભાઈચારો અને રાષ્ટ્રીય ગૌરવનો માહોલ જોવા મળ્યો હતો.

વેજલપુરના સોહેલ જમાલને સોનુ સૂદના હસ્તે એવોર્ડથી સન્માનિત કરાયા

કોમ્પ્યુટર શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ભારત લીડરશિપ સમિટમાં સન્માન મેળવ્યું



(પ્રતિનિધિ) કાલોલ, તા. 2

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુર ગામના સોહેલ જમાલે કોમ્પ્યુટર શિક્ષણ ક્ષેત્રે સિદ્ધિ મેળવી ગામનું ગૌરવ વધાર્યું છે. નવી દિલ્હી સ્થિત ધ ટિવોલી હોટેલ ખાતે યોજાયેલા 'ભારત લીડરશિપ સમિટ-2026'માં અભિનેતા સોનુ સૂદના હસ્તે તેમને પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સોહેલ જમાલ વેજલપુર ખાતે સર્વોદય વિકાસ ટ્રસ્ટ સંચાલિત જે.સી. એજ્યુકેશનમાં કોમ્પ્યુટર શિક્ષણ ક્ષેત્રે સેવા આપી રહ્યા છે. તેમની ઉત્કૃષ્ટ કામગીરી, લોગો ડિઝાઈન કરવાની સર્જનાત્મક આવડત અને વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર કૌશલ્ય દ્વારા આગળ વધારવાના પ્રયાસોને બિરદાવી આ સન્માન આપવામાં આવ્યું હતું.

તેઓ વિદ્યાર્થીઓને માત્ર કોમ્પ્યુટર શિક્ષણ જ નહીં, પરંતુ તેમના સર્વાંગી વિકાસ માટે પણ સતત પ્રયત્નશીલ રહે છે. આ સિદ્ધિથી વેજલપુર ગામ અને પરિવારજનોમાં આનંદની લાગણી છવાઈ છે. સોહેલ જમાલે પોતાની સફળતાનો શ્રેય માતા-પિતા, પત્ની, ભાઈ-બહેનો અને સહયોગીઓને આપ્યો હતો.

૧૫ દિવસમાં ખાદ્યપદાર્થોના ૬૩ નમૂના લેવાયા, ૯૦ પેઢીઓની તપાસ

દિવાળીના તહેવારોમાં વડોદરા ગ્રામ્યમાં ફૂડ વિભાગની સઘન ઝુંબેશ

૫૮ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

દિવાળીના તહેવારો દરમિયાન નાગરિકોને શુદ્ધ, ભેળસેળમુક્ત અને આરોગ્યપ્રદ ખાદ્યસામગ્રી મળી રહે તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વડોદરા ગ્રામ્ય દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તા. 12થી 27 ઓક્ટોબર દરમિયાન 15 દિવસમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં તપાસ કરી ખાદ્યપદાર્થોના કુલ 63 નમૂના લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત 58 કિલો અખાદ્ય જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.

આ ઝુંબેશ દરમિયાન દૂધ અને તેની બનાવટોના 3, ઘીના 4, માવા અને મીઠાઈના 19, નમકીનના 21, તેલનો 1 તથા તૈયાર ખોરાક અને અન્ય ખાદ્યપદાર્થોના 15 નમૂના લેવામાં આવ્યા હતા. તાલુકાવાર કરજણમાં 5, પાદરામાં 9, વડોદરા ગ્રામ્યમાં 23, વાઘોડિયામાં 9, ડભોઈમાં 5, શિનોરમાં 7 અને સાવલીમાં 5 નમૂના લેવાયા હતા.

ફૂડ સેફ્ટી વાન દ્વારા 176 ખાદ્યચીજોનું સ્થળ પર પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને 90 જેટલી પેઢીઓની તપાસ કરાઈ હતી. તપાસ દરમિયાન અસ્વચ્છ સ્થિતિમાં રાખેલા અથવા ખાવા માટે અયોગ્ય જણાયેલા પાણીપુરીનો રગડો, વપરાયેલું તેલ, લાલ સોસ, લીલી ચટણી, અજિનોમોટો, ગોળ, ચણાની દાળ, ચોખા સહિતનો આશરે 58 કિલો જથ્થો મળી આવ્યો હતો. રૂ.7,785ની કિંમતના આ જથ્થાનો સ્થળ પર જ નાશ કરાયો હતો.

આ ઉપરાંત ખાદ્યપદાર્થોના ઉત્પાદન અને વેચાણ કરતી પેઢીઓમાં સ્વચ્છતા તથા ફૂડ સેફ્ટીના નિયમોનું પાલન થાય છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવી હતી. નિયમોનું પાલન ન કરતી પેઢીઓને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. તહેવારો દરમિયાન ભેળસેળ અટકાવવા તંત્ર દ્વારા તપાસ ચાલુ રાખવામાં આવશે.